# સાચો પ્રેમ એટલે શું?



## પ્રેમ એટલે શું?

પ્રેમનું બીજું નામ બ્રહ્મ છે
– ઉપનિષદ

પ્રેમ સંસારની જ્યોતિ છે
– ઈસા

પ્રેમ કરવો એ કલા છે પરંતુ નિભાવવો એ સાધના છે!
– વિનોબા ભાવે.

પ્રેમ પાપીઓને પણ સુધારી શકે છે
– કબીર

જીવનમાં સૌથી મહત્ત્વની વસ્તુઓમાં 'પ્રેમ' મોખરે આવે છે પરંતુ દરેક વ્યક્તિ એને અલગ-અલગ રીતે જુએ છે! મારા-તમારા સૌના મનમાં એક પ્રશ્ન હંમેશાં રમતો હોય છે કે 'સાચો પ્રેમ' એટલે શું? સાચો પ્રેમ કોને કહેવાય? બહુ કોમ્પ્લીકેટેડ છે આ પ્રશ્ન... પણ જીવનમાં કેટલીક ઘટનાઓ એવી બને છે જે આપણને મહેસૂસ કરાવે છે કે સાચો પ્રેમ તો આ જ કહેવાય. હમણાં એક પુસ્તક વાંચવામાં આવ્યું, એમાં બે નાનકડાં ઉદાહરણો હતાં. તેમાં સાચા પ્રેમની અનુભૂતિ ભારોભાર છલકાતી હતી. એ સાચુકલાં ઉદાહરણો હૃદયને એટલાં સ્પર્શી ગયાં કે આજે એ તમારી સાથે શેર કરવાની ઈચ્છા છે. આશા છે તમને પણ જરૂર ગમશે.

લગ્નનાં અગિયાર વર્ષ બાદ એક દંપતીને ત્યાં પુત્રનો જન્મ થયો. બાળક બે વર્ષનું થયું, એક દિવસ સવારે પતિએ જોયું કે દવાની શીશીનું ઢાંકણું શીશી પર નહોતું. તેને ઓફિસે જવાનું મોડું થતું હતું તેથી તેણે પત્નીને બૂમ પાડીને કહ્યું – ''દવાની શીશીનું ઢાંકણું બંધ કરીને તેને કબાટમાં મૂકી દે!'' પત્ની રસોડામાં વ્યસ્ત હતી તેથી તે આ વાત જ ભૂલી ગઈ. રમતાં રમતાં બાળક ઘૂંટણિયા કાઢતું દવાની શીશી સુધી પહોંચી ગયું. દવાનો આકર્ષક રંગ જોતાં જ તે આખી શીશી ગટગટાવી ગયું. દવા મોટા માટેની હતી. બાળક તો ત્યાં જ બેહોશ થઈ ગયું. થોડો સમય બાદ જ્યારે પત્ની રસોડામાંથી બહાર આવી ત્યારે પુત્ર બેહોશ પડેલો હતો. બાળકને તે હોસ્પિટલ લઈ ગઈ પરંતુ બાળક મૃત્યુ પામ્યું હતું. પત્ની શોક-દુઃખ અને ગભરાટથી સ્તબ્ધ બની ગઈ હતી. તે ડરીને વિચારવા લાગી કે પતિનો સામનો કેવી રીતે કરી શકશે? જ્યારે પતિને આ વાતની ખબર પડી એટલે તે તરત જ બેબાકળો બની હોસ્પિટલમાં દોડી આવ્યો. પોતાના મૃત પુત્રના શબ પાસે પહોંચ્યો. તેણે પત્ની સામે જોયું અને ફક્ત છ શબ્દો કહ્યા – ''હું તને ખૂબ ચાહું છું પ્રિયા.''



રોજિંદી જિંદગીમાં પ્રેમ આપણા પડછાયા જેવો છે. ભાર વગરનો, આપણી સાથે ચાલે છે, શ્વાસ લે છે, જીવે છે. સાચો પ્રેમ એ જે હતું, જે છે, જે હશે અને કદાચ જે નહીં પણ હોય, એ બધાંની સ્વીકૃતિમાં છે.

### જીવન સરગમ
બિન્દુબેન કચરા

પતિનું આ પ્રમાણે કહેવું આપણને આશ્ચર્યજનક લાગે પરંતુ આ સમયે એકબીજા પર દોષારોપણ કરવાનો નહોતો. પુત્રનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. ભૂલ બંનેની હતી. આઘાતની આ ક્ષણે પત્નીને સહાનુભૂતિ, આશ્વાસન અને હૂંફની જરૂર હતી. જે પતિએ પત્નીને આપી. પત્નીની માનસિક સ્થિતિ સમજવાની સંવેદનશીલતા પતિમાં હતી. ઈર્ષ્યા-ગુસ્સો છોડીને એ પત્નીને ક્ષમા આપી શક્યો અને આ છે એક સાચો પ્રેમ અને સફળ સંબંધ.

એક બીજું ઉદાહરણ જોઈએ. એક સવારે ૭૦ વર્ષની આસપાસની વયના એક વૃદ્ધ ડૉક્ટર પાસે ઉતાવળમાં આવ્યા. તેમણે કહ્યું, ''ડૉક્ટર જલ્દી કરો એક મહત્ત્વની મુલાકાત છે.'' તેઓ વારંવાર ઘડિયાળ તરફ જોઈ રહ્યા હતા. ડૉક્ટરે એમને મુલાકાત વિશે પૂછ્યું તો તેમણે કહ્યું નવ વાગ્યે તેમણે તેમની પત્ની સાથે પાસેની હોસ્પિટલમાં સવારનો નાસ્તો કરવાનો હતો. ડૉક્ટરે સ્વાભાવિક વૃદ્ધની પત્નીની તબિયતના સમાચાર અંગે પૂછ્યું – તો વૃદ્ધે જણાવ્યું કે તે અલ્ઝાઈમર રોગનો શિકાર બની છે. તે મને પાંચ વર્ષથી ઓળખતી પણ નથી. આ સાંભળી ડૉક્ટરને આશ્ચર્ય થયું તેમણે કહ્યું – ''તો પણ તમે રોજ સવારે એની પાસે જઈ તેની સાથે જ નાસ્તો કરો છો?'' વૃદ્ધે જવાબ આપ્યો, ''તેણી મને નથી ઓળખતી પણ હું તો તેને ઓળખું છું ને?''

બોલો છે આપણા પ્રેમ પાસે આટલી ધીરજ? આ ટ લી કા ળ જી? અને આટલી તીવ્ર 'સંવેદનશીલતા'?

સાચો પ્રેમ એ જે હતું, જે છે, જે હશે અને કદાચ જે નહીં પણ હોય, એ બધાંની સ્વીકૃતિમાં છે.

'ઢાઈ અક્ષર પ્રેમ કા' શબ્દનો અર્થ સમજીએ, વિચારીએ ત્યારે ઘણુંબધું શીખવા-સમજવા મળે છે. પ્રેમ એ એક એવી મહાન શક્તિ છે, જે વિશ્વના કણેકણમાં વ્યાપેલું સનાતન તત્ત્વ છે, જે અમૂલ્ય છે!

ત્રીજા ઉદાહરણની વાત કરીએ તો એક પતિ-પત્ની હતાં. પતિ પત્નીને ખૂબ પ્રેમ કરે પરંતુ તેને પ્રેમની અભિવ્યક્તિ કરતા, દેખાડો કરતા નહીં આવડે-પતિના પ્રેમને સમજી ન શકેલી પત્ની અન્ય તરફ આકર્ષાઈ. પતિને ખબર પડતાં એ ખૂબ જ દુઃખી થયો. પત્નીને ખૂબ સમજાવી પણ ન માની. પતિને થયું પત્નીને છોડી દઉં? પરંતુ સાથે મનમાં વિચાર આવ્યો કે એને છોડી દઈશ તો ક્યાં જશે? પત્નીનો પ્રેમી પણ એને છોડી દેશે તો એનું શું થશે? પત્ની પ્રત્યેનો પ્રેમ, પત્નીની ચિંતા અને કાળજીને કારણે એણે પત્નીને માફ કરી અને સમજાવવાનું ચાલુ રાખ્યું.

રોજિંદી જિંદગીમાં પ્રેમ આપણા પડછાયા જેવો છે. ભાર વગરનો, આપણી સાથે ચાલે છે, શ્વાસ લે છે જીવે છે.

તો વાચકમિત્રો...! આ છે સાચા પ્રેમની પરાકાષ્ઠા. એ આકર્ષણ – બાહ્ય દેખાવ અને સમય – સંજોગોથી પર હોય છે. એ તો નિર્મળ ઝરણાની જેમ સતત વહેતો રહે છે. ચાહે સુખ હોય કે દુઃખ, વફા હોય કે બેવફાઈ એ બદલાતો નથી, સમયની એરણ પર ખરો ન ઊતરે એ સાચો પ્રેમ કહેવાય ખરો? પ્રેમ – આદર –આતિથ્ય – વહાલ આ બધા આપીને પામવાનાં મૂલ્યો છે. તમે અન્યને ચાહો, અન્ય પ્રત્યે આદર અને માનની લાગણી દાખવો, બદલાની અપેક્ષા વગર મનુષ્યને મનુષ્યનો દરજ્જો આપો – આ જ તો પ્રેમની મહત્તા છે. પ્રેમ એ પુણ્ય છે. તિરસ્કાર એ પાપ છે. પ્રેમ સત્યનો, શિવનો અને સુંદરતાનો સર્જક છે, આ પ્રેમનું નામ પરબ્રહ્મ છે. પ્રેમ એ જ શક્તિ છે.





### સુવર્ણરજ

પોથી પઢી પઢી જગ મૂઆ,
ભયા ન પંડિત કોઈ,
ઢાઈ અક્ષર પ્રેમ કા,
પઢે સો પંડિત હોઈ.
– કબીર